ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૭-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

આરએસએસની ઇફ્તારી

ગુજરાતમાં સળંગ બાર વર્ષથી વધુ સમયગાળાના શાસન દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મુસ્લિમ બિરાદરોને ખુશ કરવા રમજાનમાં ક્યારેય ઇફ્તાર પાર્ટી નહોતી રાખી. વડાપ્રધાન પદ સંભાળ્યા પછી ગયે વર્ષે પણ એમણે એમનું ઇફ્તાર વિરોધી વલણ ચાલું રાખ્યું હતું. એક વર્ષના શાસન પછી એમને ક્દાય મુસલમાનોનાં મન જીતવા માટે ઇફ્તાર પાર્ટી એક સર્વસુલભ માધ્યમ હોવાની પ્રતીતિ થઇ ગઇ લાગે છે. સોનિયા ગાંધીથી લઇ મુલાયમ-લાલુ અને નીતીશકુમાર સહિત બધા જ 'બિનસાંપ્રદાયિક' નેતાઓ આવી પાર્ટીઓ યોજતા હોય તો ભાજપ એથી અળગો રહે તે કેમ ચાલે? વળી ગુજરાતની વાત જુદી હતી. ત્યાં ઇફ્તાર પાર્ટી નહીં યોજવાથી હિંદુ મતદાતાઓનું ધ્રુવીકરણ સાધી શકાતું હતું. દિલ્હીમાં એ શક્ય નથી. ઉત્તર પ્રદેશ અને બિહારમાં તો હિંદુઓ જ્ઞાતિવાર વહેંચાયેલા રહે છે. બિહારમાં લાલુપ્રસાદ યાદવ ગમે તેવાં કૌભાંડોમાં સંડોવાયા હોય તો પણ યાદવોનાં સર્વસામાન્ય નેતા છે. કુર્મી મતદાતાઓ ક્યારેય નીતીશકુમારનો સાથ છોડવાના નથી. ભૂમિહારો અને નીચલી કોમો વચ્ચે પેઢીઓથી વેર ચાલ્યું આવે છે. લાલુ યાદવને સમૃદ્ધ ગણાતી ભૂમિહાર અને ક્ષત્રિય-કુશવાહા જ્ઞાતિ ક્યારેય સ્વીકારશે નહીં. આવા સમીકરણો વચ્ચે મુસ્લિમ મતદારોમાં વિકાસના નામે થોડો ઘણો પણ ભાગ પડાવી શકાય તો ભાજપ માટે ઊજળું ભવિષ્ય કંડારી શકાય. જો બિહારની ચૂંટણી ગુમાવી દીધી તો લોકસભાની ઝળહળતી ફ્તેહ પછી પાર્ટી અને નરેન્દ્ર મોદી બેઉનાં વળતાં પાણી થઇ ગયાં સમજવાં. લલિત મોદીએ સુષમા અને વસુંધરાને ઝપટમાં લઇ લીધાં છે અને મહારાષ્ટ્રમાં તો સહયોગી પાર્ટી શિવસેના જ છાશવારે છાસિયાં કરતી રહે છે. ત્યાંની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પાર્ટીની નામોશીભરી હાર થઇ છે. પંકજા મુંડેના કૌભાંડથી પ્રજા નારાજ છે. વળી ઓછામાં પૂરું મહારાષ્ટ્ર સરકારે મદરેસાઓને શાળાઓની શ્રેણીમાં ગણવાનો નનૈયો ભણી દઇ મુસલમાનોના ધાર્મિક નેતાઓને નારાજ ક્યાં છે. ગોવંશ વધ પર અંકુશ લગાવવાથી કસાઇઓની દુકાનો બંધ થઇ છે. આ બધી બાબતોની બિહાર ચૂંટણીમાં મુસ્લિમ વોટબેંક પર અસર થયા વગર રહેશે નહીં. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને પણ આ બાબત બરાબર સમજાઇ હોય એવું લાગે છે. તેથી સંઘના કટ્ટર મુસ્લિમ વિરોધી નેતા ઇન્દ્રેશકુમારે રાષ્ટ્રવાદી મુસલમાનોની સંઘ સમર્થિત સંસ્થા મારફ્ત આયોજિત ઇફ્તાર પાર્ટીમાં હાજરી આપી એટલું જ નહીં, ગડકરી જેવાં કેન્દ્રીય મંત્રી પણ એમાં ઉપસ્થિત રહ્યા. આરએસએસ માટે આ એક ઐતિહાસિક બલકે ક્રાંતિકારી ઘટના જ ગણાય. નરેન્દ્ર મોદીને પણ એ પાર્ટીમાં આમંત્રણ પાઠવ્યું હતું. મોદી ઇફ્તાર પાર્ટીનું જાતે જ - પોતાના તરફથી આયોજન કરે એવી શક્યતા છે. એ ઇફ્તાર પાર્ટી અગાઉના વડાપ્રધાનોની જેમ દિલ્હી ખાતે જ યોજાય એવું જરુરી નથી. મોદી ક્દાચ અલગતાવાદી પરીબળોને જડબેસલાક જવાબ આપવા કાશ્મીરમાં પહોંચી જઇને ઇફ્તારી આપે એમ પણ બને. ઇન્દ્રેશકુમારે દિલ્હીમાં ઇફ્તારી તો યોજી પરંતુ સાથે જ ભૂતાન દૂતાવાસ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની મશ્કરી કરી નાખી. અન્ય રાષ્ટ્રપુરુષો ટટ્ટાર ઊભા રહેતા જ્યારે ગાંધીજી હાથમાં લાકડી લઇ કમરથી ઝૂકીને ચાલતાં! ઇન્દ્રેશકુમારે ગાંધીજીના ઘડપણ પર કટાક્ષ કર્યો અને 'ઝૂકી જવું - નમી પડવું' એ ગાંધીજીની આદત હતી એવું અર્થઘટન ક્યું. ગાંધીજી ઝૂકી ન પડ્યા હોત તો દેશના ભાગલા ન પડ્યા હોત, એવું પ્રતિપાદન કરીને સંઘ વર્ષોથી ગાંધી વિરોધી પ્રચાર કરતો રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો ગાંધીના ગુજરાતનું જ ફરજંદ છે. એમના સફાઇ અભિયાન જેવા કાર્યક્રમને એમણે રાષ્ટ્રીય કાર્યક્રમ બનાવી દીધો છે. બીજી તરફ સંઘના નેતાઓ ગાંધીજીની ઠેકડી ઉડાવવાની એકે તક ચૂકતા નથી. રાષ્ટ્રપિતાની સાથે જ રાષ્ટ્રગીતને પણ લપેટામાં લેવાની ઘટના બનવા પામી છે. ગાંધીજીએ જેના પર મહોર મારી હતી તે ટાગોર રચિત ગીતનો 'અધિનાયક' શબ્દ વિવાદમાં આવી ગયો છે. અધિનાયક એટલે સરમુખત્યાર અહીં ક્દાચ 'પરમેશ્વર'. રાજસ્થાનના રાજયપાલ કલ્યાણસિંહે રાષ્ટ્રગીતમાં સુધારો સૂચવીને ગુરુદેવ રવીંદ્રનાથ ટાગોરની દેશભક્તિ સામે જ શંકા વ્યક્ત કરી છે. જનગણમન 'અધિનાયક' તે કોણ? કલ્યાણસિંહ માને છે કે આ ગીત ટાગોરે પંચમ જયોર્જના સમ્માનમાં લખ્યું હતું. જો એમ જ હોય તો એ રાષ્ટ્રગીત ગણાય ખરું?

ખાંડ બંધ કરો - આરોગ્ય જાળવો

(૧ ચમચી ખાંડમાં ૨૦ થી ૨૫ કેલરી હોય છે.)

- ખાંડ ખાવાથી દાંત-આંખ બગડે છે.
- અપચો અને કબજીયાત થાય છે.
- એસિડીટી (Acidity), સંધિવા, શરદી થાય છે.
- માસિક સમયે વેદના થાય છે.
- હડપચી અને કમરની આજુબાજુ ચરબી જમા થાય છે.
- સ્વાદુપિંડ (Pancreas) ખરાબ થાય છે અને પછી ડાયાબિટીસ (Diabetes) થાય છે.

- રોગપ્રતિકારક શક્તિ (Immunity) ઓછી થાય છે.
- કોલેસ્ટરોલ (Cholestrol) વધે છે અને હાર્ટ - એટેક(Heart Attack) આવવાની શક્યતા વધે છે.
- ઘડપણ જલદી આવે છે.
- શરીરના બધાં જ અંગોની સ્થિતિસ્થાપકતા ઘટી જાય છે.

કુદરતી ઉપચાર
- વંદના પટેલ

પતિ અને પ્રેમી વચ્ચે અટવાયેલી એ યુવતીએ અજબ નિર્ણય કર્યો...

સમાજ ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

હા, એ વાત સાચી છે કે સમાજમાં સંસ્કારિતા, પ્રમાણિકતા, નિતિમત્તા હોય તો જ સમાજ ટકી શકે, કેટલાક વળી આદર્શવાદી બની નીતિમત્તાના કાયમ ઢોલ પીટતા જોવા મળે છે. કેટલાકના મતે કડવું સત્ય કહેવામાં પણ સાવધાની રાખવી જોઇએ, કયાંક કોઇનું દિલ દુખાઇ ન જાય, ધર્માચાર્યો અને ઉપદેશકો કેવળ આદર્શની ને ઉપદેશની જ વાતો કરી લોકોને સંસ્કારી બનાવવા પ્રયત્નો કરે છે. પણ દરેક સિક્કાને બે બાજુ હોય છે અને આ બીજી બાજુની અવગણના થઇ શકતી નથી. આપણે સમાજને સંસ્કારી બનાવવા લાખ પ્રયત્નો કરીએ છતાં સમાજમાં બનતી ઘટનાઓ આપણી સામાજિક રચનાને ચીંથરેહાલ બનાવી દે છે. સમાજની કેટલીક ઘટનાઓ ક્યારેક આપણને દીશા શૂન્ય બનાવી દે છે. છતાં આવી બાબતો પ્રત્યે આંખ આડા કાન કેમ કરી શકાય? અને હા, લોકોને શિખામણ આપવા કેવળ કાલ્પનિક વાર્તાઓ રચી મૂળ, માથા વગરની વાતો કરવી તેના કરતાં સમાજની વાસ્તવિક પરિસ્થિતિ અને સમાજની પરદા પાછળની સત્ય ઘટનાઓ પર પ્રકાશ ફેંકીએ તો આપણને સમાધાન બનવાની તક મળે અને ક્યારેક અઘટિત ઘટનાઓના શિકાર બનતા અટકી જઇએ. આ કોલમમાં હંમેશા સત્યઘટનાઓનો જ ચિતાર રજૂ કરવા પ્રયત્ન થાય છે. તેમાં ક્યારેક સારી બાબતો પણ હોય તો ક્યારેક અકલ્પનીય ઘટનાઓ પણ હોય. સમાજમાં ખુલ્લી આંખે ફરો અને ઝીણી નજરે જોવાનું રાખો તો દરેક પ્રકારના પ્રસંગો જોવા - જાણવા મળશે. આજે એક એવી સન્નારીની વાત કરવી છે, જેણે પ્રેમની વ્યાખ્યા જ બદલી નાખી છે. પ્રેમી અને પતિ વચ્ચે અટવાયેલી આ નારીએ છેવટે કેવો અજબ નિર્ણય કર્યો તે જાણવું રસપ્રદ થઇ પડશે. આ સત્ય ઘટનાના પાત્રોના નામ બદલેલ છે.

અનન્યા ખૂબ ચંચળ સ્વભાવની છોકરી હતી પરિવાર સુખી હતું. એનું રુપ, લાવણ્ય અને નજાકત જોઇ સૌ કોઇ આફરીન પોકારી ઉઠતા. સૌંદર્ય માટેના દરેક શબ્દો એના માટે અધુરા લાગે. જાણે આરસની પુતળી, બુદ્ધિમતામાં પણ એટલી જ મુઠી ઉંચેરી. પપ્પા મમ્મીએ એના પ્રત્યે ખુબ ગૌરવ હતુ. દીકરી એકની એક હોવા છતાં આવી પ્રેમાળ દીકરી મેળવ્યા પછી પપ્પા-મમ્મીને દીકરીની કોઇ અપેક્ષા રહી ન હતી. તેમને દીકરા-દીકરીમાં કોઇ ભેદ જ નહોતો જણાતો... અનન્યા ભણી ગણીને ડૉકટર બની. હવે તેને અમેરીકા ભણવા જવાની ઇચ્છા થઇ. તે પપ્પા-મમ્મીની એટલી લાડકી હતી કે તેનો પડ્યો બોલ તેમના માટે બ્રહ્મવાક્ય બની જતો. તે જે ઇચ્છા કરે તે નિર્વિઘ્ને પાર પડતી. તેને અમેરિકા જઇ માસ્ટર ડિગ્રી મેળવવી હતી... અને પપ્પાએ વિના સંકોચે તે પુરી કરી. અનન્યા અમેરીકા ગઇ... સમય વીતતો ગયો... અનન્યા ઉમર લાયક થઇ. પપ્પાને હવે તેના માટે યોગ્ય મુરતીયો શોધવાની ચિંતા થઇ. મોર્ડન દીકરીને મા-બાપની ઇચ્છા પ્રમાણે તેમની પસંદગીના મુરતીયા સાથે એરેન્જ મેરેજ કરવા સંમતિ આપી. મા-બાપે ધન્યતા અનુભવી. કેવી સંસ્કારી છોકરી છે? તેને જરાય વિદેશની હવા સ્પર્શી નહીં. ઘણી શોધખોળ ચાલી. પ્રત્યેક યુવકોના ઇતિહાસ, ભૂગોળની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવતી. મારી અનન્યાને કોઇ તકલીફ ન પડવી જોઇએ... અને અંતે દીકરીને શોભે તેવો મુરતીયો શોધી કાઢ્યો. નામ એનું નિર્મલ... નામ એવા જ ગુણ, મીતભાષી, રૂપાળો, હેન્ડસમ હાઇટ પુરી છ ફૂટ... બંનેની મુલાકાતો ગોઠવાઇ, અને જાણે પ્રથમ નજરે જ એકબીજાને દિલ દઇ બેઠા. બંનેએ એકબીજાને પ્રપોઝ કર્યું... અને સારા મુહુર્તમાં શરણાઇ ગૂંજી ઊઠી, ઢોલ ધ્રબુક્યા, સાજન માજન હરખ પદુડા થઇ લગ્નમાં મહાલ્યા, અનન્યા અને નિર્મલ જાણે હંસ-હંસલીની જોડી, સૌએ પોતપોતાની રીતે નવયુગલને વધાઇ આપી. લગ્ન કર્યા પછી બંને અમેરિકા ગયા... અને બંને અલગ અલગ જોબ પર લાગી ગયા. આખો દિવસ એકબીજાથી અલગ.. રાત્રે બંને મળે, સવારે બાય બાય કહી પોતપોતાના જોબ પર ચાલ્યા જાય... ધનની લાલચે માનવીના સુખચૈન હરી લીધા હોય એમ નથી લાગતું? ધનને હડકવા ઉપડે પછી માનવ ધીરે ધીરે માનવ મટતો જાય છે... એની સંવેદનશીલતા મરી પરવારે છે...

અનન્યા ખુબ ચંચળ ચોકરી, સ્વરુપવાન પણ એટલી જ ચંચળતા અને રૂપ ભેગા થાય પછી અલ્લડપણું, ઉછાંછળાપણું જાણે અજાણે આવી જ જાય... આજુ બાજુ ફરતા ભમરા પણ એને ભ્રમિત કરી દે... એક અમેરિકન યુવાન અનન્યા પ્રત્યે આકર્ષાયો. હાય, હેલ્લો કરતા કરતા ક્યારે એકબીજાને હવાલે થઇ ગયા ખબર ન રહી... અનન્યા એ યુવાનને ખુબ ચાહવા લાગી એના પ્રેમમાં પાગલ બની એ પાગલપનમાં એ સંપૂર્ણ લુટાઇ ગઇ, તનથી અને મનથી... કહે છે કે પ્રેમમાં સમર્પિત નારી દંષ્ટિ ગુમાવી દે છે. પ્રેમની આબોહવામાં રહેલી ભીનાશમાંથી તે કાયમ તરસીને તરસી જ રહે છે. એક વાત વિચારવા જેવી છે કે સ્ત્રી પોતાના પતિને સમર્પિત થયા પછી એનું મન બીજે આકર્ષાય એનો મતલબ એની અપેક્ષાઓ હજુ પૂર્ણ નથી થઇ. એ પૂર્ણતા પામવા એ બીજે મન પરોવે છે. કેટલીવાર હેન્ડસમ, ચોકલેટી પુરુષ કરતાં એને ભરપૂર પ્રેમ કરનાર, તેનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખનાર, એનું સન્માન કરનારને તે સમર્પિત થઇ જાય છે. અનન્યા પણ હૈયાની અધૂરપ પુરી કરવા જાણે મથામણ કરતી હતી.

... પણ હજુ તેણે નિર્મલને આ વાતની જાણ થવા નહોતી દીધી પણ એક દિવસ તેને લાગ્યું કે હું નિર્મલ સાથે વિશ્વાસઘાત કરી રહી છું. એક દિવસ નિર્મલને લાગણીના પ્રવાહમાં ભીંજવી તેને સાચી વાત કહી દીધી. પોતે એક યુવાનના પ્રેમમાં છે અને તેના વગર રહી શકે તેમ નથી. નિર્મલ પર જાણે ૪૬૦ના વોલ્ટનો કરંટ લાગ્યો, તે પગથી માથા સુધી ધ્રૂજી ઊઠ્યો. જાણે એની આંખે અંધારપટ છવાયો... અનુ !!! ...તું શું કહેવા માગે છે. એનો મતલબ, તું મારાથી ડિવોર્સ?? ... અનન્યાએ તેને અધવચ્ચે જ અટકાવતાં કહ્યું, ના, ડીયર આપણો પ્રેમ અકબંધ રહેશે. આપણને કોઇ વિખુટા પાડી શકે તેમ નથી. એમાં જરા સરખીય તિરાડ પડશે નહીં... 'પણ તારો નવો પ્રેમી?' તરડતા અવાજે નિર્મલે કહ્યું... બેફિકરાઇથી અનન્યાએ કહી દીધું એ પ્રેમ પણ યથાવત રહેશે પ્રેમી અને પતિ બંને સાથે સંબંધ રાખવામાં મને કોઇ વાંધો નથી... નિર્મલ ખૂબ સમજદાર અને સૌજન્યશીલ યુવાન હતો. તેણે વિચાર્યું 'હું જીંદગીની બાજી હારી ગયો છું હવે વિલાપ કરવાનો કોઇ અર્થ નથી. પ્રેમમાં પડેલ વ્યક્તિ કદી પાછું વળીને જોતી નથી. દુનિયાની તમામ ફિલોસોફી એને માટે બકવાસ બની જાય છે. તે એક પણ અક્ષર બોલ્યા વિના પડખું ફેરવી સુઇ ગયો... અનન્યાએ એને સમર્થન માની લીધું અને તે સપનાની દુનિયામાં મહાલવા લાગી...'

બીજા દિવસે નિર્મલે ઇન્ડિયામાં પપ્પાને ફોન કરી સઘળી વાતથી માહિતગાર કર્યા... ઘરમાં જાણે ભૂચાલ થઇ ગયો. પણ નિર્મલે આશ્વાસન આપતા કહ્યું... પપ્પા, ઘી ઢોળાઇ ગયું છે તેને ભેગુ કરવાની મથામણ વ્યર્થ છે. અનન્યાના મોર્ડન નિર્ણયથી નિર્મલ ભાંગી પડ્યો છતાં તેણે સજ્જનતા છોડી નહિ તેણે અનન્યાને કહ્યું. અનુ, હૃદયના બે ટુકડા થઇ શકે નહી તે ધબકતું બંધ થઇ જાય... અનન્યાએ પણ રડસમ સ્વરે કહ્યું, ''પણ નિર્મલ મેં તારાથી ડિવોર્સ લેવાનું વિચાર્યું જ નથી. બંનેના પ્રેમ ખાતર હું જાન ન્યોછાવર કરી દઇશ. નિર્મલે પણ તેનો ફેંસલો સંભળાવ્યો.'' અનુ, ભારતીય સંસ્કૃતિમાં હું આવું શિખ્યો નથી. આ શક્ય નથી. તું તારો નિર્ણય કરવા મુક્ત છે. આજથી આપણે છૂટા પડીએ છીએ...

હવે નિર્મલ બીજી કોઇ સંસ્કારી કન્યાની શોધમાં છે...

રવિવાર સવારની આતૂરતાપૂર્વક રાહ જોવાય છે, તે દિવસે ભાવિ જમાઇરાજને આવતાં થોડું મોડું થાય છે

પરિવર્તન
- નિરંજન ઓઝા

૬૦ વર્ષના શ્યામલાલ શેઠ આજે ગુસ્સામાં છે. બાળપણથી જ અનાજના વેપારમાં સક્રીય રહેલાં શ્યામલાલ શેઠની આગાહી એટલી બધી સચોટ રહેતી કે નાના વેપારીઓ તેમની સલાહ લેવા આવતાં કે આ વખતે ઘઉંના ભાવ વધશે કે ઘટશે. ચોખા, દાળ વિગેરેમાં પણ શ્યામલાલ શેઠની આગાહી સાચી રહેતી. આવા શ્યામલાલ શેઠ તથા તેમના ધર્મપત્ની કાન્તાગૌરી પણ આજે તેટલાં જ ગુસ્સામાં છે. ગુસ્સાનું મૂળ કારણ તેમની લાડકી દીકરી શોભા છે. શોભાને શહેરની સારામાં સારી કૉલેજમાં અભ્યાસ કરાવ્યો છે, તેવી જ રીતે ઇત્તર પ્રવૃત્તિ જેવી કે સંગીત, ડ્રોઇંગ, ડાન્સીંગમાં પણ નિપુણતાં મેળવી છે.

આવી સર્વગુણ સંપન્ન લાડકી દીકરીએ આજે થયેલે ચર્ચામાં જણાવ્યું કે હવેથી મારે માટે બહુ તપાસ કરવી નહિ કારણ કે મે મારી પસંદગી કરી લીધી છે. આ સાંભળી શ્યામલાલ શેઠ ખૂબ જ દુઃખી છે તેમની ઇચ્છા તેમની સમકક્ષના કુટુંબની પસંદગી કરવાની હતી. આ ઉપરાંત બીજું દુઃખ એટલાં માટે થયું કે આજથી ૧૦ વર્ષ પહેલાં તેના જ ભાગીદારે તેમની માંદગીની ગેરહાજરીમાં રૂા. ૧૫ લાખની ગેરરીતી કરી હતી અને ત્યારબાદ ભાગાદારીમાંથી છૂટા થયા હતા. તે સસુર પક્ષ થવાના હતા. બંને માતાપિતાએ દીકરી શોભાને ખૂબ સમજાવી પરંતુ દીકરી એકની બે થઇ નહીં. વિશેષમાં જણાવ્યું કે તમારાં ભાવિ જમાઇરાજે કયાં કોઇ ખોટું કર્યું છે કે જે કંઇ ખોટું કર્યું છે તે તેના પિતાએ કર્યું છે તેમાં તેનો બિલકુષ દોષ નથી.

આવા ડોળાયેલાં વાતાવરણમાં પણ શ્યામલાલ શેટ એક પ્રસ્તાવ મુકે છે કે છેલ્લાં દસ વર્ષથી આપણાં સંબંધ તેમની સાથે રહ્યા નથી, મારે ભાવિ જમાઇરાજને ઘરે બોલાવી વધારે વિગતો જાણવી છે, ત્યારે પણ દીકરીએ શરત મુકી કે તમે તમારાં ભાવિ જમાઇરાજને બોલાવો તેમાં વાંધો નથી પરંતુ બીજી આડીઆવળી વાતો કરવાની નહીં એ શરતે આવશે. શ્યામલાલ શેઠ તો ફક્ત પરિસ્થિતિ જાણવા માગતા હતા. તેથી શરત મંજૂર રાખવામાં આવે છે. આવતા રવિવારે સવારે ૧૦ થી ૧૨ વચ્ચે બોલાવવાનું નક્કી થાય છે.

રવિવાર સવારની આતૂરતાપૂર્વક રાહ જોવાય છે, તે દિવસે ભાવિ જમાઇરાજને આવતાં થોડું મોડું થાય છે. પરંતુ સીધા જ હોસ્પિટલેથી આવવાની જાણ કરે છે. શ્યામલાલ શેઠ આગળ કઇ પુછે તે પહેલાં ભાવિ જમાઇરાજ સ્પષ્ટતા કરે છે કે મારા પિતાજીને ત્રણ દિવસ પહેલાં રાત્રે ૧૧ વાગે ઘરે હાર્ટ એટેક આવતાં, રાત્રીના કૃષ્ણા હાર્ટકેર હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા હતા. ડૉકટરો તરફથી ૪૮ કલાકની મુદત આપવામાં આવી છે. હજુ ૨૪ કલાક બાકી છે, આજે સવારે પપ્પાને સારું લાગતા તેમજ હું આપને મળવા આવવાનો છું તેની જાણ હતી તેથી તેમની બાજુમાં બેસાડી મને કહ્યું હતું કે આજથી ૧૦ વર્ષ પહેલા હું અને શ્યામલાલ શેઠ અનાજની પેઢીમાં ભાગીદાર હતા, તેમની ૧૫ દિવસની માંદગીની ગેરહાજરીમાં મારાથી રૂા. ૧૫ લાખની ગેરરીતી કરવામાં આવી હતી જેનું આ માંદગી પરિણામ છે, આ ગેરરીતી મેં કરી તેમાંથી હું મુક્ત થવા માંગુ છું. હાલમાં આપણી પરિસ્થિતિ સારી છે તેથી તું જાય ત્યારે રૂા. ૧૫ લાખ તેમજ વ્યાજના બીજા રૂા. ૧૦ લાખ એમ કરતાં રૂા. ૨૫ લાખ રોકડાં આપી દે જે કે જેથી હું મુક્ત થઇ જાઉં, આજે આ બેગમાં રૂા. ૨૫ લાખ રોકડા લઇને આવ્યો છું. જે આપ સ્વીકારો? જમાઇરાજ જણાવે છે.

શ્યામલાલ શેઠ તેના જૂના ભાગીદાર વિશે પુછે છે તે પહેલાં આટલી સ્પષ્ટતા તેમના ભાવિ જમાઇરાજે કર્યા પછી તેને માટે માન ઉપજે છે, ભાગીદારનો પુત્ર પણ એટલો જ ઇમાનદાર છે જાણી મનોમન વિચારધારામાં ફેરફાર થાય છે. હવે જાહેર કરે છે કે મોડે મોડે પણ પોતાના જુના ભાગીદારમાં આવેલ પરિવર્તનથી ખુશ થાય છે અને જણાવે છે કે આ પૈસા હું સ્વીકારું છું અને મારા ભાવિ જમાઇરાજ - દીકરીને લગ્ન પહેલાં ભેટ તરીકે આપું છું. જેનો સ્વીકાર તમારે કરવો જ પડશે.

આ દરમિયાન ભાવિ જમાઇરાજનો મોબાઇલ રણકે છે અને ડૉકટર સાહેબ તરફથી ખબર આપવામાં આવે છે કે તાજેતરમાં લીધેલાં છેલ્લા રિપોર્ટ ઉપરથી તમારાં પપ્પા સંપૂર્ણ રોગમુક્ત થાય છે અને સંપૂર્ણ સ્વસ્થ છે. આમ મોડા મોડા 'પરિવર્તન'થી પણ શારીરિક તથા માનસિક ફેરફાર થઇ શકે છે.

બંગાળની ખાડીના ઉષ્ણ કટિબંધીય ચક્રવાતને સામાન્યતઃ શું કહે છે?

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ભારતીય બંધારણ

(૧) મુસ્લિમ કેલેન્ડર શાના પર આધારિત છે ?
(અ) સૂર્ય (બ) ચંદ્ર
(ક) નક્ષત્ર (ડ) રાશિ

(૨)નીચેનામાંથી કયુ નૃત્ય આસામ રાજયના લોકોનું ઉત્સવ નૃત્ય છે?
(અ) ગરબા (બ) ભાંગડા
(ક) બીહુ (ડ) કથક

(૩) લક્ષદ્વીપના મોટાભાગના લોકો કઇ ભાષા બોલે છે?
(અ) કન્નડ (બ) મલયાલમ
(ક) તમિલ (ડ) તેલુગુ

(૪) મયુરાક્ષી નહેર કયા રાજયમાં છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) બિહાર
(ક) પ. બંગાળ (ડ) કેરળ

(૫) નીચેનામાંથી કયા રાજયની સીમા પાકિસ્તાનની સીમા સાથે સંકળાયેલ નથી?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) ગુજરાત (ડ) રાજસ્થાન

(૬) ભારતનો વિસ્તારની દંષ્ટિએ સૌથી મોટો જિલ્લો કયો છે?
(અ) લડાખ (બ) છત્રપુર
(ક) કચ્છ (ડ) જોધપુર

(૭) ભારતનું સૌથી ઓછા ક્ષેત્રફળવાળું રાજય કયું છે?
(અ) સિક્કિમ (બ) ત્રિપુરા
(ક) ગોવા (ડ) અસમ

(૮) દરિયાની અંદર ગયેલા જમીનના ફાંટાને શું કહે છે?
(અ) અખાત (બ) સામુદ્રધૂની
(ક) ખંડિય છાજલી (ડ) ભૂશિર

(૯) કાલા પેગોડાના નામથી શું પ્રસિદ્ધ છે?
(અ) મીનાક્ષી મંદિર (બ) કોણાર્ક મંદિર
(ક) વિશ્વનાથ મંદિર (ડ) અકોરવાટની મસ્જિદ

(૧૦) પાલ્ક જલડમરૂ મધ્ય કયા બે દેશોને જુદા પાડે છે?
(અ) ભારત-શ્રીલંકા (બ) ભારત પાકિસ્તાન
(ક) ભારત-ચીન (ડ) ભારત-મ્યાનમાર

(૧૧) તમાશા કયા રાજયનું લોકનૃત્ય છે?
(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર
(ક) ઓરિસ્સા (ડ) કેરળ

(૧૨) રાષ્ટ્રીય પંચાગનો પહેલો મહિનો કયો છે?
(અ) કારતક (બ) અષાઢ
(ક) જેઠ (ડ) ચૈત્ર

(૧૩) બંગાળની ખાડીના ઉષ્ણ કટિબંધીય ચક્રવાતને સામાન્યતઃ શું કહે છે?
(અ) હરિકેન (બ) ટાઇફૂન
(ક) ટોર્નેડો (ડ) ડીપ્રેશન

(૧૪) સિયાચીન શું છે?
(અ) પહાડી (બ) ગ્લેશિયર
(ક) ખીણ (ડ) દ્વીપ

(૧૫) માતાટીલા બંધ કઇ નદી પર છે?
(અ) બેતવા (બ) કૃષ્ણા
(ક) ગોદાવરી (ડ) મહી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૦ જુલાઇ ૧૯૦૨ કુર્ત એલ્ડર - જર્મન કેમીસ્ટ - ૧૯૫૦માં રસાયણ શાસ્ત્રમાં ઓર્ગેનિક કમ્પાઉન્ડ સંબંધીત શોધ માટે નોબલ પારિતોષિક મળ્યું હતું
- ૧૦ જુલાઇ ૧૮૭૯ ડૉ. હરિ નિકોલસ હોલમેન - અમેરીકન કેમીસ્ટ - વિટામીન-એ પર સંશોધન કરનાર
- ૧૧ જુલાઇ ૧૯૧૬ એલેકઝેન્ડર મિખાઇલોવીચ પ્રોખોરોવ - સોવિયેટ ભૌતિકશાસ્ત્રી, ૧૯૬૪માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૧ જુલાઇ ૧૯૦૨ સેમ્યુઅલ અબ્રાહ્મ ગોડવીથ - ડચમાં જન્મેલા અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ઇલેકટ્રોન સ્પીનનો ખ્યાલ આપનાર
- ૧૨ જુલાઇ ૧૯૧૩ વિલ્સ લિમ્બ - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૫૫માં હાઇડ્રોજન સ્પેકટ્રમની શોધ બદલ નોબેલ પ્રાઇઝ
- ૧૨ જુલાઇ ૧૮૮૩ શૌલ ડુસ્માન - અમેરીકન ફીઝીકલ કેમીસ્ટ 'વેક્યુમ સાયન્સ' પર વિશેષ સંશોધન કરનાર
- ૧૩ જુલાઇ ૧૮૭૯ યુગલ ફેયશીન્ટ - ફ્રેન્સ સિવિલ એન્જીનીયર, 'પ્રિ સ્ટ્રેક્ડ કોન્ક્રીટ' ડેવલપ કરનાર
- ૧૩ જુલાઇ ૧૮૭૫ જૂન ઇંદ્રા ડોવની : અમેરીકન સાયકોલોજીસ્ટ - 'ક્લીનીકલ સાયકોલોજી' અને 'પર્સનાલિટી એસસમેન્ટ' પર સંશોધન કરનાર
- ૧૪ જુલાઇ ૧૯૧૮ જય. ડબલ્યુ. ફોરેસ્ટર - અમેરીકન ઇલેકટ્રીકલ એન્જીનીયર અને મેનેજમેન્ટ એક્સપર્ટ
- ૧૪ જુલાઇ ૧૮૬૨ ફલોરેન્સ બેસ્કોન : અમેરીકન જીઓલોજીસ્ટ - અમેરીકાના પ્રથમ મહિલા જેને જહોન હોપકીન્સ યુનિવર્સિટી દ્વારા ડોકરેટરની પદવી આપવામાં આવી
- ૧૫ જુલાઇ ૧૯૨૮ કાર્લ. આર. વોઝ - અમેરીકન માઇક્રોબાયોલોજીસ્ટ. બે પ્રકારના બેકટેરીયાની શોધ કરનાર
- ૧૫ જુલાઇ ૧૯૨૨ લિયોન. એમ. લેડરમેન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૮૮માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૧૬ જુલાઇ ૧૯૧૦ ડેવિડ લેમ્બર્ટ લેક : બ્રિટીશ ઓરીઓન્થોલોજીસ્ટ, પર્યાવરણને વ્યાપક રીતે લોકો સુધી પહોંચાડવા પુસ્તકો લખ્યા
- ૧૬ જુલાઇ ૧૯૦૭ ઓરવીલે રેડનબેચર - અમેરીકન એગ્રોનોમીસ્ટ, 'પોપકોર્ન બિઝનેશ' ફાઉન્ડર

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - સુષ્મા સ્વરાજના પતિદેવનું નામ શું છે? જેઓ આજકાલ લલિત મોદી કેસમાં ચર્ચાસ્પદ બન્યા છે?

જવાબ : કૌશલ સ્વરાજ

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) જયેન્દ્ર પાઠક : ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૬) એન. એન. પાઠક : સે-૨૨, ૧૨૬/૧, ચ-ટાઇપ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

મહારાષ્ટ્ર સરકારના કયા મહિલા મંત્રી ઉપર ભ્રષ્ટાચારના આરોપો મુકાયા છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) ૧૦ (૨) ૬ (૩) ૧૦ (૪) ૬ (૫) ૨ (૬) ૨ (૭) ૧૦ (૮) ૬ (૯) ૧૦ (૧૦) ૬ (૧૧) ૨ (૧૨) ૬ (૧૩) ૨ (૧૪) ૬ (૧૫) ૧૦